सत्यमेव जयते

આંક–૧૩

**:: નમુના – અ ::**

**વંથલીના એડી. ચીફ જયુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.**

**રજુ :– શ્રી એલ. આઇ. ઇંગલે**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૦૧/૦૫/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૧૬૦/૨૦૨૬** |

**:: ગુનાની વિગત ::**

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | | બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | | ૧૧૨૦૩૦૬૮૨૬૦૦૯૦/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | | વંથલી. |
| ફરીયાદ પક્ષ | | સરકારી શ્રી /મુળ ફરીયાદી –<br>રફીકભાઇ યુસુફભાઇ જેઠવા |
| રજુઆત | | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | ૦૧ | સતીષભાઇ દામજીભાઇ નકુમ<br>ઉ.વ.૫૭, ધંધો–શાકભાજી, |
| | ૦૨ | દિપેષભાઇ ઉર્ફે દિપો સતીષભાઇ નકુમ<br>ઉ.વ.૨૯, ધંધો–શાકભાજી,<br>રહે. બન્ને વંથલી, પટેલ ચોક, સથવારાનો ડેલો. |
| રજુઆત | | વિ. વ. શ્રી એમ. એસ. મકવાણા. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૧/૦૨/૨૦૨૬ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૧/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપક ડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સતીષભાઇ દામજીભાઇ નકુમ | ૨૩/૦૨/૨૦૨૬ | ૨૩/૦૨/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૨૩/૦૨/૨૦૨૬ થી ૨૩/૦૨/૨૦૨૬ |
| ૨ | દિપેષભાઇ ઉર્ફે દિપો સતીષભાઇ નકુમ | ૨૩/૦૨/૨૦૨૬ | ૨૩/૦૨/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૨૩/૦૨/૨૦૨૬ થી ૨૩/૦૨/૨૦૨૬ |

## :: નમુનો ક ::

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક-૭) | રફીકભાઇ યુસુફભાઇ જેઠવા | ફરીયાદી |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૦૮ | ફરીયાદ |
| આરોપીના વિ. વ.શ્રી ની સંમતીથી નીચે મુજબના દ.પુ.ને આંક આપવામાં આવેલ છે. | | |
| ૦૧ | ૦૯ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. |
| ૦૨ | ૧૦ | મેડીકલ સર્ટી. ની ખરી નકલ. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :–

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

## –:: <u>ચુકાદો</u> ::–

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૧/૨/૨૬ ના કલાક ૫–૦૦ વાગ્યાના સુમારે ફરીયાદી મેઇન બજારમાં આવેલ શાકમાર્કેટ ખાતે આરોપી નં.–૧ ના શાકભાજીના થડેથી શાકભાજી લેવા ગયેલ ત્યારે આરોપી નં.–૧ એ ફરીયાદીને કહેલ કે તારે મને ઉઘરાણીના બે હજાર રૂપીયા

આપવાના છે ત્યારે ફરીયાદીએ આરોપી નં.–૧ ને કહેલ કે મારે તમને બે હજાર રૂપીયા નહી પરંતુ તમારી ઉઘરાણીના ત્રણ સો રૂપીયા આપવાના છે તેમ કહેતા આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને મનફાવે તેમ ભુંડી ગાળો બોલી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઇજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૬૦૦૯૦ /૨૦૨૬ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩) તથા ૫૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી આંક–૦૫ તથા આંક–૦૬ થી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને આંક–૧૨ ના કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા પાત્ર ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી અને બાદ દલીલો સાંભળી કામ આખર નિકાલ માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ઃા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૧/૨/૨૬ ના કલાક ૫–૦૦ વાગ્યાના સુમારે ફરીયાદી મેઇન બજારમાં આવેલ શાકમાર્કેટ ખાતે આરોપી નં.–૧ ના શાકભાજીના થડેથી શાકભાજી લેવા ગયેલ ત્યારે આરોપી નં.–૧ એ ફરીયાદીને કહેલ કે તારે મને ઉઘરાણીના બે હજાર રૂપીયા આપવાના છે ત્યારે ફરીયાદીએ આરોપી નં.–૧ ને કહેલ કે મારે તમને બે હજાર રૂપીયા નહી પરંતુ તમારી ઉઘરાણીના ત્રણ સો રૂપીયા આપવાના છે તેમ કહેતા આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને મનફાવે તેમ ભુંડી ગાળો બોલી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઇજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર ૧ :–</u>**

**(૦૮)** ફરીયાદ પક્ષે આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪ મુજબનું તહોમત મુકેલ છે. ક્રિમીનલ

જ્યુરીસ્પ્રુડન્ટના સિધ્ધાંત મુજબ ફરીયાદ પુરવાર કરવાનો સદંતર બોજો ફરીયાદ પક્ષનો હોય છે. ફરીયાદ પક્ષનાં કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા ફરીયાદ જે આંક–૦૮ થી રજુ છે તે ધ્યાને લઇએ તો ફરીયાદી પોતે ભોગ પામનાર છે. આમ, તેમનો પુરાવો મહત્વનો બને છે. ફરીયાદ પક્ષે ફરીયાદીને આંક–૦૭ થી તપાસેલ છે તેમનો પુરાવો નીચે મુજબ છે.

બનાવ આજથી ત્રણ ચાર માસ પહેલા બનેલો. હું શાકભાજી નો વેપાર કરતો હોવ સવારના પાચેક વાગ્યે શાકભાજી લેવા વંથલીના માર્કેટમા ગયેલ હતો અને ત્યા શાકભાજી વેચનાર સતીષભાઈ દલાલ તથા તેમનો દીકરો દીપુ મારી પાસે ૨૦૦૦ રૂપિયાની ઉઘરાણી કરવા આવેલ જયારે કે શાકભાજી નું બીલ ૩૦૦ રૂપીયા થયેલ હતુ તેથી આ બન્ને સાથે સવાર સવારમાં બોલાચાલી થયેલ જેના કારણસર આજુબાજુમાથી શાકભાજી વેચનાર તેમજ મારા જેવા શાકભાજી ખરીદવા માટે આવનાર લોકો ભેગા થઈ ગયેલ અને ધકકામુકી થવા લાગેલ જેમા કોઈનો ધકકો મને વાગી જતા હુ જમીન પર પડેલ અને અલ્પેશભાઈ મામદભાઈએ મને ધક્કામુકી માથી બચાવેલ હતો. મને ઈજા થઈ હોય વસીમભાઈ અગવાન તેની મો.સા. પર દવાખાને લઈ ગયેલ હતા અને ત્યા ડો.સાહેબે મારી પુછપરછ કરી હતી અને પોલીસ આવેલ અને મે ધકકામુકકીમા પડી જવાથી ઈજા થયેલાનુ જણાવતા પોલીસ પોતાની જાતે ફરીયાદ લખી લીધેલ અને મને સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ મને કરીયાદ બતાવામાં આવે છે જેમા મારી સહી છે જે રજુ દા.આંક...૮..

આરોપીને ઓળખું છું. કોર્ટમાં હાજર છે.

**(૮.૧)** બચાવ પક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી /ભોગ બનનાર એ વાત કબુલ રાખે છે કે, આરોપીઓએ તેને કોઇ ઢીકાપાટુનો માર મારેલ નથી કે ભુંડી ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય એવું બનેલ નથી. વધુ એ વાત પણ કબુલ રાખેલ કે, પોલીસે

પોતાની જાતે ફરીયાદ લખેલ, વાંચી સંભળાવેલ નહી અને સહી કરવાનું કહેતા તેણે સહી કરી આપેલ.

**(૮.૨)** હવે ફરીયાદીના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો આરોપીઓએ ફરીયાદીને મનફાવે તેમ ભુંડી ગાળો કાઢી, ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આમ, ફરીયાદી / ભોગ બનનારના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો સવ પ્રથમ ગાળોના અસલ શબ્દો રેકર્ડ પર આવતા નથી કે ફરીયાદીને ભયની ઘંટડી વાગેલ હોય તેવું તેમના આંક–૭ ના પુરાવામાં વિદીત થતું નથી. તેથી. બી. એન. એસ. ની કલમ–૨૯૬(ખ) તથા ૩૫૧(૩) મુજબનો ગુન્હો નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના પ્રસ્થાપિતા કરેલ સ્ધિધાંત મુજબ પુરવાર માની શકાય નહી. વધુ ફરીયાદીના પુરાવા મુજબ આરોપીઓએ તેમને કોઈ માર મારેલ હોય તેવું પણ વિદીત થતું નથી. ઉલટ ધકકામુકકીમાં પડી જવાથી ઈજા થયેલ હોવાનું ફલીત થાય છે ત્યારે આરોપી સામે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), પજ પુરવાર માની શકાય નહી.

**(૦૯)** બચાવ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું (આંક–૯) તથા સારવાર સર્ટી. (આંક–૧૦) કબુલ મંજુર રાખેલ છે. આ સમર્થનકારક પુરાવો છે પણ હાલના કેસમાં જયારે ડાયરેકટ એવીડન્સનો જ પુરાવો આવતો ન હોય ત્યારે આરોપીઓ સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

**(૧૦)** ફરીયાદ પક્ષે ત્યારબાદ, બીજા કોઈ સાહેદ તપાસેલ નથી અને આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

**(૧૧)** હાલના કેસમાં સામાન્ય બોલાચાલી થયેલાનું અને તે સીવાય બીજું કશું બનેલ નહી હોવાનું રેકર્ડ પર આવતું હોય ત્યારે આરોપીઓએ ફરીયાદી

ને મનફાવે તેમ ભુંડી ગાળો બોલી, ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરેલ હોય તેવું માની શકાય નહી તેથી આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી. તેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

**(૧)** હાલના આરોપી (૧) સતીષભાઈ દામજીભાઈ નકુમ તથા (૨) દિપેષભાઈ ઉર્ફે દિપો સતીષભાઈ નકુમ રહે. બન્ને વંથલીવાળાને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૮ અન્વયે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** હાલના આરોપીઓએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૧ લી માહે મે સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૦૧/૦૫/૨૦૨૬.

**(એલ. આઈ. ઈંગલે)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., વંથલી.**
**કોડ નં.જીજે૦૧૩૭૨.**